# સીતવાડા ગામે નદીમાં ન્હાવા પડેલ કિશોરનું ડુબી જવાથી મોત







## નદીમાં ન્હાવા પડેલા ત્રણ પૈકી એકનું મોત થયું અને બે નો આબાદ બચાવ થયો

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સીતવાડા ગામે સાબરમતી નદીમાં ન્હાવા પડેલા ત્રણ કિશોરો પૈકી એક કિશોરનું પાણીમાં ડુબી જવાથી કરૂણ મોત નિપજ્યું હતું. આ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના સીતવાડા ગામે રહેતા વિધવા ગીતાબા કિરીટસિંહ રાઠોડનો ૧૦ વર્ષીય પુત્ર વિપુલસિંહ રાઠોડના પિતાનું ૧૦ વર્ષ પહેલા નિધન થયું હતી ત્યારથી વિધવા ગીતાબા છુટક મજુરી કરી ગુજરાન ચલાવતા અને તેમનો દિકરો વિપુલસિંહ સીતવાડા ગામની શિવમ ઉત્તર બુનિયાદી હાઈસ્કૂલમાં ધોરણ-૮માં અભ્યાસ કરતો હતો અને દરમિયાન આજે વિપુલ તેના અન્ય બે મિત્રો સાથે પશુધનને ચરાવવા માટે ગયો હતો અને ત્રણેય મિત્રો એક સાથે નદીમાં ન્હાવા પડ્યા હતા. જેમાં ત્રણ પૈકી એક વિપુલ રાઠોડનું નદીના પાણીમાં ડુબી જવાથી મોત થયું હતું જ્યારે અન્ય બે કિશોરોનો જીવ બચી ગયો હતો. આ ઘટનાના પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી. અને સમગ્ર પરિવાર પર આભ ફાટ્યુ હતુ. આ ઘટનાની જાણ મામલતદાર કચેરી અને ફાયરબ્રિગેડમાં કરવામાં આવતા ફાયર બ્રિગેડના જવાનોએ કિશોરનો મૃતદેહ બહાર નિકાળી પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. આ મામલે પ્રાંતિજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મહેસાણા એસ.ટી. ડેપોમાં સ્ટાફના અભાવે બસોના સંચાલનમાં ભારે ધાંધીયા

મહેસાણા, તા. ૧૯

મહેસાણા એસ.ટી. વિભાગમાં છલ્લા ઘણા વખતથી ડ્રાઈવ, કંડકટર અને કલેરીકલ સ્ટાફ તેમજ અધિકારીઓની ખાલી પડેલ જગ્યાઓને કારણે એસ.ટી. બસોના સંચાલનમાં તેમજ વહીવટી કામગીરીમાં ઘણી મુશ્કેલી ઉભી થઈ છે.

મહેસાણા એસ.ટી. વિભાગમાં છેલ્લા ઘણા વખતથી ડ્રાઈવર, કડંકટર તેમજ કલેરીકલ વર્ગના ઘણા કર્મચારીઓ નિવૃત્ત થયા છે. થોડા સમય પૂર્વે એસ.ટી. નિગમે વિવિધ સંવર્ગના કર્મચારીઓ તેમજ ડેપો મેનેજર કક્ષાના અધિકારીઓની ભરતી કરી હતી પરંતુ કામદારોની ઘટની સરખામણીએ ડ્રાઈવર, કંડકટર કક્ષાના કર્મચારીઓની ખાલી પડેલ જગ્યાઓ સામે તેટલી સંખ્યામાં નવી ભરતી કરવામાં ન આવતાં હાલમાં મહેસાણા એસ.ટી. વિભાગમાં અંદાજે ૧૫૯ જેટલા કડંકટરો અને ૯૫ જેટલા ડ્રાઈવરોની ઘટ પડી છે. આ સાથે વહીવટી સ્ટાફમાં કર્મચારીઓની મોટી અછત ઉભી થઈ છે જયારે પાલનપુર વિભાગમાં ૧૩૦ કડંકટરો અને ૬૦ ડ્રાઈવરોની ઘટ છે.

એસ.ટી. તંત્રમાં કરોડરજ્જુ સમાન ડ્રાઈવર અને કંડકટરની ઘટના કારણે તંત્રમાં ફરજ બજાવતા કર્મચારીઓને બેવડી નોકરી કરવી પડે છે. આવા કર્મચારીઓને સામાજીક કે બિમારીના કારણસર રજા મળવી પણ મુશ્કેલ બને છે. પરિણામે તેઓની હાલત ભારે કફોડી બની છે. જરુરીયાત મુજબના કામદારોના અભાવે મહેસાણા એસ.ટી. વિભાગના જુદા જુદા ડેપો મથકોએથી ઉપડતી શિડયુલ બસોની ટીપો ઘણી વાર રદ થતી હોય છે. આવી સ્થિતિના લીધે તહેવારોમાં બસોમાં ટ્રાફીકનું પ્રમાણ વધી જતાં મુસાફરોને હાલાકી પણ ભોગવવી પડે છે. હાલના સમયમાં મુસાફરોની ભીડને જોતાં એસ.ટી. તંત્રની આવકમાં વધારો થઈ શકે તેમ છે પરંતુ કામદારોની શોર્ટેજના કારણે તંત્રની આવકમાં ફટકો પડી રહ્યો છે.

મહેસાણા વિભાગ હસ્તકના મહેસાણા, ઊંઝા, કડી, કલોલ, વિસનગર, ખેરાલુ, પાટણ, વડનગર, ચાણસ્મા, હારીજ, બેચરાજી ડેપોમાં શિડયુલ બસોના દૈનિક સંચાલનમાં બસની જાળવણીમાં તેમજ વહીવટને લગતી કામગીરીમાં મુશ્કેલી ઉભી થઈ છે. એક કર્મચારીને બવડી કે ત્રેવડી કામગીરી બજાવવી પડે છે જેથી તેઓને કામનું ભારણ વધી ગયેલ છે. એસ.ટી. તંત્ર દ્વારા વિવિધ સ્થાનોથી ખાલી પડેલ અધિકારીઓ અને કર્મચારીઓની જગ્યાના પ્રમાણમાં નિગમ દ્વારા ઘટની સંખ્યાના પ્રમાણ મુજબ ભરતી ન થતાં ડેપો મથકોએ દૈનિક શિડયુલ બસોના સંચાલનમાં તેમજ વહીવટી કામગીરી પર માઠી અસર પડી છે.



(તસવીર : રમેશ વૈશણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામે શનિવારના રોજ બપોરે ૧ વાગ્યાના અરસામાં બે જીપ સામસામે ટકરાતા સર્જાયેલા અકસ્માતમાં ૧૦ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામે શનિવારે બપોરે ૧ કલાકે આગીયા હાઈસ્કૂલ પાસે બે જીપો નં. જીજે-૧૫-સી-૭૬૯૬ અને જીજે-૧૬-સી-૭૧૯૮ સામ-સામે ટકરાતા અંદર બેઠેલા ૧૦ મુસાફરોને ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માત થતા ગામના લોકો એકઠા થઈ ગયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા તેમને ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યા ૮ વ્યક્તિઓને વધુ ઈજાઓ જણાતા હિંમતનગર સિવિલમાં રીફર કરવામાં આવ્યા હતા. આ અકસ્માતના પગલે ખેડબ્રહ્મા મટોડા હાઈવે પર કલાકો સુધી ટ્રાફિક જામતા દશ્યો સર્જાયા હતા. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ડીસાના શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર ખાતે ગણપતિ મહોત્સવ અંગે બેઠક યોજાઈ

### બનાસકાંઠા રબારી સમાજ અને ગોપાલ સેના ડીસા દ્વારા તૃતિય મહોત્સવ ઉજવાશે



(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૧૮

બનાસકાંઠા રબારી સમાજ અને ગોપાલ સેના બનાસકાંઠા-ડીસા દ્વારા ડીસાના શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર ખાતે ગણપતિ મહોત્સવ અંગે ચર્ચા વિચારણા કરવા માટે રવિવારે બેઠક યોજાઈ હતી.

રબારી સમાજ તેમજ ગોપાલ સેના બનાસકાંઠા-ડીસા દ્વારા જિલ્લામાં સામાજીક, ધાર્મિક, શૈક્ષણિક તેમજ સેવાકીય પ્રવૃત્તિની જ્યોત પ્રજવલ્લીત કરવામાં આવી છે. ત્યારે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ગણપતિ મહોત્સવની ઉજવણી કરવા માટે ડીસા-પાલનપુર હાઈવે પર આવેલ શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર ડીસા ખાતે અમરતભાઈ દેસાઈ (બાઈવાડા), કેતનભાઈ ઘોઘળ, મોતીભાઈ આલ (કમોડા), રેવાભાઈ દેસાઈ (સાવિયાણા), વિક્રમભાઈ દેસાઈ, અરજણભાઈ ઘોઘળ, બાબુભાઈ ભોંકુ (પત્રકાર), મહેન્દ્રભાઈ દેસાઈ (ટેકરા), જયેશભાઈ નોગોસ, વાહજીભાઈ દેસાઈ (દામા), નરસિંહભાઈ દેસાઈ સહિત રબારી સમાજ તેમજ ગોપાલ સેનાના કાર્યકરોની એક અગત્યની બેઠક યોજાઈ હતી. જેમાં ગણપતિ મહોત્સવ દરમિયાન રાસ-ગરબા, ગણપતિ મહાયજ્ઞ તેમજ શોભાયાત્રા સહિતના કાર્યક્રમોને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

# નાસતા ફરતા આરોપીને ક્રાઈમ બ્રાંચે પકડી પાડ્યો

### બાતમીના આધારે કાચા કામનો હત્યાનો કેદી પકડાયો

અમદાવાદ, તા. ૧૮

અમદાવાદ શહેર ક્રાઈમબ્રાન્ચની ટીમે ચોક્કસ બાતમીના આધારે આજે વચગાળાના જામીન ઉપર છુટીને છેલ્લા સાત મહિનાથી નાસતા ફરતા આરોપીને પકડી પાડવામાં સફળતા મેળવી હતી. આ શખ્સને ગુજરાત હાઈકોર્ટે જામીન આપ્યા હતા પરંતુ વચગાળાના જામીન મળ્યા બાદ અવધિ પુરી થયા પછી અમદાવાદ મધ્યસ્થ જેલમાં હાજર થવા માટે આદેશ કરવામાં આવ્યો હતો પરંતુ આ ઈસમ સમયસર જેલમાં હાજર થયો ન હતો અને છેલ્લા ઘણા મહિનાથી નાસતો ફરી રહ્યો હતો. પેરોલ જમ્પ કરીને નાસતા ફરી રહેલ આ શખ્સને આજે પકડી પાડવામાં આવ્યો હતો ત્યારબાદ તેને અમદાવાદ મધ્યસ્થ જેલમાં સોંપવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી મળેલી માહિતી મુજબ અમદાવાદ શહેરના વટવા સદાની ધાબી કેનાલ પાસેથી અમદાવાદ મધ્યસ્થ જેલમાં બંદી કાચા કામનો હત્યાનો કેદી મોહમ્મદ હનીફ ઉર્ફે નૂરમહંમદ મલેકને પકડી પાડવામાં આવ્યો હતો. આ શખ્સ ચંડોલા તળાવ નજીક નવાબનગરના છાપરામાં રહેતો હોવાનું જાણવા મળ્યુંછે. તેને નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ તા. ૩૦-૧૧-૧૨ થી તા. ૧૫-૧૨-૧૨ સુધી ૧૫ દિવસના વચગાળાના જામીન ઉપર મુક્ત કરવામાં આવ્યો હતો ત્યારબાદ આ શખ્સે બીજા ૨૧ દિવસના વચગાળાના જામીન મેળવ્યા હતા જે મુજબ આ શખ્સને તા. ૧૫-૧-૧૩ ના દિવસે બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી અમદાવાદ મધ્યસ્થ જેલમાં હાજર થવાની જરૂર હતી પરંતુ આ શખ્સ જેલમાં હાજર થયો ન હતો. આજે ચોક્કસ બાતમી મળ્યા બાદ ક્રાઈમબ્રાન્ચે તેની ધરપકડ કરી લીધી હતી. બપોરે તેની ધરપકડ કરાઈ હતી મિલકત સંબંધી ગુનાહો શોધી કાઢવા અને આવા ગુનાહોના આરોપીને પકડી પાડવા પેટ્રોલીંગની પક્રિયા હાથ ધરવામાં આવી હતી જે દરમ્યાન તેને ઝડપી લેવાયો હતો.

# તલોદમાં વરસાદી માહોલથી રોગચાળાની ભીતિ

હરસોલ, તા. ૧૮

તલોદ-હરસોલ સહિતના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ વચ્ચે ઠેર ઠેર ગંદકીના કારણે વાઈરલ તાવના દર્દીઓમાં સતત વધારો થઈ રહ્યો છે અને બિમારીમાં સપડાયેલા દર્દીઓની લાંબી લાંબી લાઈનો ગ્રામ્ય વિસ્તારની હોસ્પિટલોમાં જોવા મળે છે.

તલોદ તાલુકામાં હરસોલ સહિત અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા છે. અને વરસાદી પાણીનો નિકાલ નહી થતા મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે. પરિણામે રોગચાળાનો વાવર વકર્યો છે. જેમાં વાઈરલ તાવે માથું ઉંચકયું છે અને ડેન્ગ્યુ તેમજ મેલેરિયા જેવા રોગોના મચ્છરોથી રોગચાળામાં લોકો સપડાઈ રહ્યા છે. આથી આસપાસના લોકો આ વાઈરલ તાવથી તોબા પોકારી ઉઠયા છે. બસ આ જ તકનો લાભ લઈ ડોકટરો પણ તગડી કમાણી કરી રહ્યા છે અને મનફાવે તેવી ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા છે તેવી બુમરાણ ઉઠવા પામી છે. તલોદ તાલુકામાં વરસાદી માહોલથી રોગચાળાની ભીતી વચ્ચે લોકો ભારે ચિંતિત બન્યા છે અને આરોગ્યતંત્ર દ્વારા ડોકટરો સામે પગલા લેવામાં આવે અને આરોગ્યતંત્ર દ્વારા યુધ્ધના ધોરણે સર્વે હાથ ધરવામાં આવે તેવી પ્રજાની માંગ ઉઠવા પામી છે.

# ભુવનેશ્વર માટેની બીઆરટીએસ ડીઝાઈન સેપ્ટ તૈયાર કરશે

અમદાવાદ, તા. ૧૮

સેન્ટર ફોર એન્વાયરમેન્ટલ પ્લાનીંગ એન્ડ ટેકનોલોજી (સેપ્ટ) તેની યસકલકીમાં વધુ એક મોરપીંછુ ઉમેરી લીધું છે. ઓરિસ્સામાં બસ રેપીડ ટ્રાન્ઝીક્ટ સીસ્ટમ (બીઆરટીએસ) માટેની ડીઝાઈન પણ સેપ્ટ દ્વારા જ તૈયાર કરવામાં આવશે. મધ્યપ્રદેશના ઈન્દોર અને કર્ણાટકમાં હુબલી-ધારવાડ માટેની ડીઝાઈન તૈયાર કર્યા બાદ હવે સેપ્ટ ઓરીસ્સામાં પણ બીઆરટીએસ ડીઝાઈન તૈયાર કરશે. આની સાથે જ સેપ્ટે ગુજરાતની બહાર ત્રીજો બીઆરટીએસ પ્રોજેક્ટ મેળવી લીધો છે. આને ખૂબ મહત્વપૂર્ણ ઘટનાક્રમ તરીકે ગણવામાં આવે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. સેન્ટર ઓફ એક્સીલન્સ ઈન અર્બન ટ્રાન્સપોર્ટ (સેપ્ટ-સીઓઈ) ઓરિસ્સાના પાટનગર શહેર ભુવનેશ્વર માટે બીઆરટીએસ ડીઝાઈન તૈયાર કરશે. ભુવનેશ્વરમાં ૧૦ લાખથી વધુ લોકોની વસ્તી છે. છેલ્લા ઘણા સમયથી આ મામલે ચર્ચા ચાલી રહી હતી. એક અગ્રણી અંગ્રેજી અખબારના અહેવાલમાં આ અંગેની માહિતી આપવામાં આવ્યા બાદ સેપ્ટની સિદ્ધી જાણવા મળી છે. ચર્ચા વિચારણાનો દોર ચાલ્યા બાદ આ સપ્તાહમાં ઓરિસ્સા સરકાર તરફથી પત્ર મળ્યો હોવાની વાત સેપ્ટમાં કારોબારી ડિરેક્ટરે કરી છે. જે આ પ્રોજેક્ટનું નેતૃત્વ કરનાર છે. ભુવનેશ્વર બીઆરટીએસ માટે પ્રથમ વિસ્તૃત પ્રોજેક્ટ રિપોર્ટ આગામી મહિનાના મધ્યમાં તૈયાર કરી લેવામાં આવશે. ભુવનેશ્વર માટે જ હાલમાં બીઆરટીએસ ડીઝાઈનનો કોન્ટ્રાક્ટ મળ્યો છે. ટૂંકમાં જ મુસદ્દા અહેવાલ મોકલવામાં આવશે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧



સુવિધાઓ



● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE
બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ
ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601